ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૬-૨-૨૦૨૧, શુક્રવાર



# દેસાઈપુરાકંપા પાસે લીકેજ, કેનાલમાંથી વેડફાતું સિંચાઈનું પાણી

## કેનાલ આસપાસ પાણીનાં તળાવ ભરાયાં, ગેસ પાઈપલાઈનના ખોદકામથી કેનાલ ક્ષતિગ્રસ્ત..??

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૫

મોડાસા તાલુકાના દેસાઈપુરાકંપા પાટીયા પાસે પસાર થતી મેશ્વો કેનાલ લીકેઝ થતાં સિંચાઈનું કિંમતી પાણી ફોગટમાં વેડફાઈ રહ્યું છે. રવી સીઝનમાં તબક્કાવાર રીતે કેનાલમાં પાણી છોડવામાં આવતાં સરકારનું જળ બચાવો અભિયાન ગટરમાં જતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જ્યારે કેનાલ નજીક ગેસ પાઈપલાઈન નાખવા માટે યાંત્રિક મશીનરીઓથી અગાઉ ખોદકામ થયું હતું જેથી પાઈપ નાખવાની કામગીરીમાં તો કેનાલ ક્ષતિગ્રસ્ત થઈ નથી ને..?? તેવા સવાલો શરૂ થયા છે.

રાજ્ય સરકાર દ્વારા ચોમાસા અગાઉ જળ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ગામે ગામ તળાવો અને ચેકડેમ ઉંડા કરી વરસાદમાં વહી જતા પાણીને ભૂગર્ભમાં ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સિંચાઈ તેમજ પાણી પુરવઠા વિભાગ દ્વારા અભિયાન અંતર્ગત લીકેઝ વાલ્વ તેમજ ક્ષતિગ્રસ્ત કેનાલોનું મરામત કરી પાણીનો વ્યય રોકવાના દેખાડા કરવામાં આવ્યા હતા પરંતુ ચોમાસુ વિત્યા પછી વર્તમાન રવી સીઝનમાં જળ અભિયાન અભરાઈએ મૂકાયું છે.



મોડાસા-હિંમતનગર હાઈવે માર્ગ ઉપર પસાર થતી મેશ્વો કેનાલનું સમારકામ માત્ર કાગળ ઉપર થયું હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. હાઈવે ઉપર દેસાઈપુરાકંપા પાસે કેનાલમાંથી પાણી લીકેઝ થયા પછી આસપાસમાં તળાવો ભરાઈ રહ્યાં છે. સિંચાઈનું કિંમતી પાણીની વેડફાતું હોવા છતાં જવાબદાર તંત્ર બેખબર બની ગયું છે. ખેતરોમાં પૂરતા પ્રમાણમાં સિંચાઈનું પાણી પહોંચે છે તેના કરતાં અનેક ગણા પાણીથી આસપાસની સૂકીભઠ્ઠ જમીન લીલીછમ બનવા લાગી છે. પાણીનો મહત્તમ જથ્થો પાણી છોડાયા પછી વેડફાતો હોવા છતાં લીકેઝ બંધ કરવા માટેના કોઈ પ્રયાસ આજદિન સુધી થયા નથી જેથી આખીય સીઝન દરમ્યાન હજારો ગેલન પાણીનો વ્યય થયો છે. થોડાક સમય અગાઉ કેનાલ આસપાસથી પસાર થતી ગેસ લાઈનની પાઈપ નાખવા માટે મોટાં યાંત્રિક મશીનરીથી ખોદકામ કરવામાં આવ્યું હતું અને ત્યાર પછી પાણી લીકેઝનું પ્રમાણ વધી ગયું છે. ત્યારે ગેસ કંપની દ્વારા આડેધડ કરવામાં આવેલા ખોદકામથી મેશ્વો કેનાલને વધુ કોઈ નુક્સાન તો નથી પહોંચ્યું ને..?? તેવા સવાલ પણ ખેડૂતોમાં શરૂ થયા છે.

# બાયડ પાલિકામાં ભાજપની આજે વિશાળ રેલીનું આયોજન

**સમી સાંજથી પ્રચારના પડઘમ શાંત થશે : હવે છેલ્લી ઘડીની તડજોડ**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૫

બાયડ નગરપાલિકાની ચૂંટણીના મતદાનને આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે ભાજપ દ્વારા બાયડમાં આજે શુક્રવારે સવારે ૧૦-૦૦ કલાકે વ્રજગાર્ડન સોસાયટીથી બાયડ પાલિકા વિસ્તારને આવરી લેતી જંગી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આજ સાંજથી પ્રચારના પડઘમ શાંત થઈ જશે અને છેલ્લી ઘડીની તડજોડ જોવા મળશે. બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં મુખ્યત્વે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે પરંતુ પ્રથમથી જ ભાજપનું પલ્લું ભારે હોવાનો લોકમત પ્રવર્તિ રહ્યો છે તેમ છતાં કોંગ્રેસ પણ છેલ્લી ઘડીએ કોઈ ચમત્કાર સર્જવાના અભરખા રાખી શકે છે.

જિલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં પાલિકાની ચૂંટણી જાહેર થઈ ત્યારથી અનેક નવાં રાજકીય સમીકરણો સામે આવ્યાં અને આ બધું જોઈને અનેક લોકોને એમ લાગ્યું કે અમે અત્યાર સુધી છેતરાતા જ આવ્યા હતા..!! બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં ભાજપે યુવાઓના સહારે ફતેહ મેળવવાના મક્કમ નિર્ધાર સાથે પ્રચાર કાર્ય હાથ ધર્યું અને યુવાન ચહેરાઓને જે રીતે લોકોએ આવકાર આપ્યો છે તે જોઈ કોંગ્રેસ અંદરો અંદર હચમચી ઉઠી છે. કોંગ્રેસની પ્રચાર સભાઓમાં કોઈ દેખાતું નથી જ્યારે ભાજપમાં સ્વયંભુ કાર્યકરો, સ્થાનિક લોકો અને મતદારો ઉમળકાથી ઉમટતા હોવાથી ભાજપની છાવણીમાં પ્રચંડ જીતનો આશાવાદ જોવા મળ્યો છે. બાયડ પાલિકા વિસ્તારમાં એકપણ મોટાગજાના નેતાની જાહેર સભા થઈ નથી. ઉમેદવારો અને ભાજપ સંગઠને ડોર ટુ ડોર પ્રચાર દ્વારા મતદારોને ૩ થી ૪ વખત ઢંઢોળવાના પ્રયાસ સાથે બાયડમાં સોળે કળાએ કમળ ખીલાવવાનો નિર્ણય લીધો છે. જ્યારે ગત રોજ બાયડ ગામમાં કોંગ્રેસે યોજેલી ચૂંટણી રેલી પછી ભાજપના જ અનેક કાર્યકરોએ અન્ય વિસ્તારમાંથી કાર્યકરો લાવ્યાના આક્ષેપ કરતાં બાયડ ગામનું રાજકારણ ફરીથી ગરમાયું છે. ભાજપ અને કોંગ્રેસમાં કેટલો દમ છે તે પરિણામ જાહેર થશે ત્યારે ખબર પડશે પરંતુ હાલ તો આજ સમી સાંજથી ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થઈ જશે અને મતદારોને પોતાના તરફી કરવા માટે ઉમેદવારો અને રાજકીય પક્ષો તમામ તાકાત કામે લગાડી શકે છે.

# બાયડ તાલુકા ગ્રામ વિકાસ શાખામાં મિશન મંગલમ્‌માં અમંગળ

**મહિલા કો.ઓર્ડીનેટર સામે હાથ ઉપાડનાર ટી.એલ.એમ.ને નોટિસ : તાલુકા વિકાસ અધિકારીએ બે દિવસમાં રૂબરૂ ખુલાસો માંગતાં હલચલ**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૫

બાયડ તાલુકા પંચાયતની ગ્રામ વિકાસ શાખામાં સખીમંડળોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર થી માંડી કોરોના કાળમાં માસ્ક તેમજ ઉકાળાનાં ખોટાં બીલો બનાવાયાં હોવાની ઉઠેલી ફરિયાદો બાદ ટી.એલ.એમ. ચંદ્રકાન્ત પટેલે મહિલા કો.ઓર્ડીનેટરને ખોટી રીતે હેરાન કરી હાથ ઉપાડવા સુધીની કોશિષ કરી હતી જેથી બાયડ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ટી.એલ.એમ.ને નોટિસ ફટકારવામાં આવતાં હલચલ મચી છે. કચેરીમાં ગેરશિસ્ત કરી મહિલા સન્માનની વાતોને ઠેસ પહોંચાડતાં તાલુકા વિકાસ અધિકારીએ તેની ગંભીર નોંધ લઈ બે દિવસમાં રૂબરૂ ખુલાસો કરવા જણાવતાં તાલુકા ગ્રામ વિકાસ શાખામાં અંડર કરંટ જેવી સ્થિતિ છે.

અરવલ્લી જિલ્લામાં મિશન મંગલમ્ યોજનામાં સખીમંડળોના નામે ભ્રષ્ટ અધિકારી અને કર્મચારીઓનું કલ્યાણ થયું છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દાવેડાના આશીર્વાદથી તાલુકા લાઈવલી હુડ મેનેજરો(ટી.એલ.એમ.)નો કથિત ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચ્યા પછી હવે ખુદ સખીમંડળો સાથે જોડાયેલ ક્લસ્ટર કો.ઓર્ડીનેટરોની ફરિયાદોએ અનેક સવાલો ઉભા કર્યા છે. મિશન મંગલમ્ યોજનામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીથી લઈ તાલુકાની ગ્રામ વિકાસ શાખા સુધીના અધિકારી-કર્મચારીઓની મીલીભગતથી સખીમંડળોનું શોષણ ઉપરાંત ભ્રષ્ટાચાર શિષ્ટાચાર જેવો બની ગયો છે. યોજનામાં ખોટું થયાની કે પછી મહિલા કો.ઓર્ડીનેટરને હેરાનગતિ થતી હોય તેવી ફરિયાદો થાય તેમ છતાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં ભ્રષ્ટ અધિકારીએ સેટીંગ એવું ગોઠવ્યું છે કે જેમના ઉપર આક્ષેપ થયા હોય તેમને ઉણી આંચ પણ આવતી નથી. બાયડ તાલુકા ગ્રામ વિકાસ શાખાના ટી.એલ.એમ. ઉપર ફરિયાદોના એક પછી એક આક્ષેપો સામે આવતાં તટસ્થ તપાસમાં સખીમંડળોને ફળવાતી ગ્રાન્ટથી માંડી રીવોલ્વિંગ ફંડમાં થયેલ ગરબડીનો પર્દાફાશ થાય તેમ છે પરંતુ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના જવાબદારો ખુદ ભ્રષ્ટાચારમાં સામેલ હોવાથી ટી.એલ.એમ. સામે પગલાં ભરવામાં ખચકાટ અનુભવી રહ્યા છે. ભ્રષ્ટાચારની એક પછી એક ફરિયાદો ઉઠ્યા પછી તાલુકા ગ્રામ વિકાસ શાખામાં સનસનાટી મચ્યા પછી ટી.એલ.એમ.ના પગતળેથી જમીન સરકી રહી છે. મહિલા કો.ઓર્ડીનેટર ઉપર ગુસ્સે ભરાયેલા ટી.એલ.એમ.એ હાથ ઉપાડવાનો પ્રયત્ન કર્યો હતો જેમાં ફરિયાદ બાદ તાલુકા વિકાસ અધિકારીએ તેની ગંભીર નોંધ લીધી છે. ફરિયાદમાં ટી.એલ.એમ.એ એક સરકારી કર્મચારીને ન છાજે તેવું વર્તન કરી ગેરશિસ્ત કરી હોવાનું જણાઈ આવતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા બે દિવસમાં ટી.એલ.એમ.ને રૂબરૂ ખુલાસો આપવા નોટિસ આપતાં ગ્રામ વિકાસ શાખામાં સનસનાટી મચી છે.

# જિલ્લામાં વિશ્વકર્મા જન્મ જયંતિની આસ્થા ઉમંગ સાથે ઉજવણી

**બાયડ સહિતના અનેક વિસ્તારોમાં વિશ્વકર્મા દાદાના વરઘોડા યોજાયા**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૫

સૃષ્ટી સર્જક પૃથ્વીના સ્થપતિ ઈજનેર વિશ્વકર્મા પ્રભુની જન્મ જયંતિને મહાસુદ-૧૩ ના દિવસે વિશ્વકર્મા જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે અરવલ્લી જિલ્લા સહિત બાયડ, ચોઈલા, સાઠંબા, ડેમાઈ, ગાબટ સહિતના વિસ્તારોમાં ગુરૂવાર સવારથી વિશ્વકર્મા જયંતિની આસ્થા-ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી. બાયડ સહિતના અનેક વિસ્તારોમાં ગરમીનો પારો ઉંચકાયો હોવા છતાં દાદાના વરઘોડામાં



વિશ્વકર્માના સંતાનો જોડાયા હતા. વિશ્વકર્મા જયંતિને લઈને કારીગરોએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા.

બાંધકામ, કારીગરી ક્ષેત્રે સંકળાયેલા પરિવારો વિશ્વકર્મા જયંતિની દર વર્ષે ઉજવણી કરતા હોય છે. સમસ્ત પ્રાણી જગતને રહેવા, વસવા, આવાસો, સગવડોનું નિર્માણ પુરાણ કથા મુજબ બ્રહ્માજીએ જીવ સૃષ્ટી બનાવી જ્યારે વિશ્વકર્મા સ્વરૂપે દેવ, દાનવ, માનવ અને સમસ્ત પ્રાણી જગત માટે અનેક ઉપયોગી સગવડોનું નિર્માણ કર્યું. જ્યારે શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ છે કે શ્રીરામ કાર્યાર્થે લંકા સુધીનો સમુદ્ર શેતુ વિશ્વકર્મા સૂત નલ-નિલે બાંધ્યો તેવું રામાયણ કથા કહે છે. બાયડ તાલુકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૫ ફેબ્રુઆરીએ વિશ્વકર્મા જયંતિની ઉજવણી થઈ. બાયડમાં અલ્પેશ મનુભાઈ સુથાર (જગદંબા સ્ટુડીયો-બાયડ)ના ઘરેથી વિશ્વકર્મા દાદાના વરઘોડાનું બાયડના માર્ગો ઉપર પ્રસ્થાન થયું હતું.

# સરડોઈમાં ખાનગી કંપનીના એ.ટી.એમ.ની સેવા શરૂ

**બેન્કો સેવા આપવામાં નિષ્ફળ : ૧૦ ગામના બેન્ક ગ્રાહકોને રાહત**

સરડોઈ, તા.૨૫

મોડાસા તાલુકાના સરડોઈમાં બેન્ક ગ્રાહકોને એ.ટી.એમ.ની સુવિધા આપવામાં બેન્કો નિષ્ફળ રહી છે પરંતુ ખાનગી કંપની દ્વારા એ.ટી.એમ. સેવા શરૂ કરવામાં આવતાં પૈસા ઉપાડવા માટે દૂર સુધી જતા બેન્ક ગ્રાહકોને રાહત થઈ છે. ચાર રસ્તા ખાતે ગોકુલ ધામ આર્કેડમાં એ.ટી.એમ. ગોઠવાયા પછી કોઈપણ બેન્કના કાર્ડથી પૈસા ઉપડતા હોવાથી સરડોઈ, લાલપુર, પાદર, દાવલી, શામપુર અને વાંટડા સહિતના ૧૦ ગામોના બેન્ક ગ્રાહકોને લાભ મળતો થયો છે.

જિલ્લામાં ગામડાંના વિકાસની જોરશોરથી વાતો થઈ રહી છે પરંતુ ડીઝીટલ યુગમાં ગ્રામ્ય વિસ્તારો આજે પણ એ.ટી.એમ.ની સુવિધાથી વંચિત રહ્યા છે. ગામડામાં ખેડૂત કે અન્ય બેન્ક ખાતેદારને તાત્કાલિક પૈસા ઉપાડવા હોય તો એ.ટી.એમ. લઈને તાલુકા મથક અથવા તો દૂરના અન્ય સ્થળે દોડવું પડતું હોય છે તેમાંય બેન્કનાં એ.ટી.એમ. ખાલી હોય ત્યારે ધરમકક્કો થતો હોય છે. મોડાસા તાલુકાના વિકસિત ગામ સરડોઈમાં ઘણા લાંબા





સમયથી બેન્ક એ.ટી.એમ.ની જરૂરીયાત જણાતી હતી પરંતુ બેન્કો દ્વારા કોઈપણ કારણોસર આ સુવિધા ઉભી કરવામાં આવી ન હોવાથી એ.ટી.એમ.થી તાત્કાલિક પૈસા ઉપાડવા માટે હાલાકી ઉભી થતી હતી પરંતુ તાજેતરમાં ગોકુલ ધામ આર્કેડના સંચાલકોએ ગ્રાહકોને પડતી મુશ્કેલી પારખી વિભીષા મોલ પાસે ખાનગી કંપનીનું એ.ટી.એમ. ગોઠવ્યું છે જેના કારણે ગ્રાહકો જરૂરીયાત મુજબ એ.ટી.એમ.થી પૈસા ઉપાડવા લાગ્યા છે. ગામમાં જ એ.ટી. એમ.ની સુવિધા ઉભી થઈ હોવાના કારણે બેન્ક ગ્રાહકોની સાથે ખરીદી માટે આવતા અન્ય ગામના લોકોને પણ સગવડનો લાભ મળવા લાગ્યો છે.

**જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં**

# મતદાન મથકમાં વિજાણું યંત્રો લઈ જવા ઉપર પ્રતિબંધ

**મતદારોને ધાક-ધમકી કે ખરીદવાનો પ્રયાસ કર્યો તો આવી બન્યું**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની તા.૨૮ ફેબ્રુઆરી, રવિવારે સામાન્ય ચૂંટણી યોજાવવાની છે તમામ મતદાન મથકો ઉપર સ્ટાફની નિયુક્તિ સાથે સંવેદનશીલ, અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર એસ.આર.પી. સહિત પોલીસનો બંદોબસ્ત ઉભો કરવામાં આવશે ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આદર્શ આચારસંહિતાના અમલ માટે જાહેરનામાં બહાર પાડ્યાં છે જેમાં રવિવારે મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મિટરની ત્રિજ્યાના વિસ્તારમાં સોલ્યુલર ફોન, વાયરલેસ સેટ લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મત ગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રની અંદર કે આસપાસ કે મત ગણતરી કેન્દ્રની આસપાસ કોર્ડન કરવામાં આવેલ વિસ્તારની અંદર પણ કોડલેસ ફોન અને વાયરલેસ ફોન લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં દારૂની રેલમછેલની સાથે શનિવારે કતલની રાતની જેમ મતદારો ખરીદવા માટે પૈસાની કોથળીયો ખુલ્લી મૂકી દેવામાં આવે તેવી સ્થિતિ અત્યારથી જોવા મળી રહી છે. ગાંધીના ગુજરાતમાં અને ખાસ કરીને અરવલ્લી જિલ્લામાં જે રીતે દેશી-વિદેશી દારૂની હેરાફેરી બેફામ થઈ રહી છે તે જોતાં દારૂબંધી માત્ર દેખાડા પૂરતી હોવાનું ચિત્ર ઉપસ્યું છે. તંત્ર દ્વારા મતદારોને ધાકધમકી આપી કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી, અનેક ઉમેદવારોને મત ન આપવો, મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા જેવું કૃત્ય કરનારા સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

# સારોલીમાં ખેતરની વાડમાં કરંટ ઉતારાતાં ૩ બળદનાં મોત : ખેડૂતોમાં હાહાકાર

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૫

વિજયનગર તાલુકાના સારોલી ગામે ખેતરની વાડમાં ઉતારવામાં આવેલા વિજ કરંટથી ૩ બળદનાં મોત નિપજતાં સનસનાટી મચી છે. ખેતીની સીઝનમાં ખેડૂતના જ ખતરનાક અખતરાથી ખેત ઉપયોગી પશુઓ મોતને ભેટતાં ખેડૂતોમાં હાહાકાર મચ્યો છે. બનાવ અંગે વિજયનગર પોલીસે આરોપી ખેડૂત શકરાજી થાવરાજી ફનાત સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

જિલ્લામાં નિલગાય તેમજ ભૂંડથી ખેતીમાં ભેલાણ વધી જતાં ખેડૂતો રાત ઉજાગરા કરી પાક બચાવી રહ્યા છે. પરંતુ કેટલાક ખેડૂતો ખેતરની વાડ ફરતે જોખમી વિજ કરંટ ઉતારવાનો અખતરો કરતા હોવાથી હાદસા અવાર નવાર સામે આવતા હોય છે. ખેતરની વાડમાં ઉતારવામાં આવેલા વિજ કરંટથી માનવ મૃત્યુ તેમજ પશુઓનાં મૃત્યુ અગાઉ નોંધાયાં હોવા છતાં ખેડૂતો જોખમી રીતે ભેલાણ અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તાલુકાના સારોલી ગામના ખેડૂત શકરાજી ફનાતે ખેતરમાં ભેલાણ થતું હોવાથી કાંટાની વાડમાં નજીકના ઈલેક્ટ્રીક થાંભલા ઉપરથી પસાર થતી વિજ લાઈનમાં લંગર નાખ્યું હતું. ગેરકાયદેસર રીતે વીજળીનો તાર ખેંચ્યા પછી સેન્ટીંગના



**ખેડૂત સામે પોલીસ ફરિયાદ**

તારમાં કરંટ પસાર કરી વાડમાં લગાવ્યો હતો જેમાં તા.૨૦ના રોજ ખેડૂત બાબુભાઈ શકરાભાઈ ખરાડી, લક્ષ્મણભાઈ ખરાડી અને સુમનભાઈ ખરાડીના ૩ બળદ અન્ય પશુઓ સાથે ચારો ચરવા જતાં કરંટ ઉતારેલા વાડ પાસે પહોંચતાં ત્રણેય બળદો કરંટના જોરદાર ઝાટકા સાથે જમીન ઉપર ફસડાઈ પડી મોતને ભેટ્યા હતા.

સીમાડામાં કરંટના કારણે ૩ બળદનાં મોત નિપજતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. કરંટ ઉતારવામાં માનવ તેમજ પશુ ઉપર મૃત્યુનું જોખમ હોવાનું જાણવા છતાં ખેડૂતે વાડમાં કરંટ ઉતાર્યો હોવાથી જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. બનાવ અંગે બાબુભાઈ ખરાડીની ફરિયાદના આધારે વિજયનગર પોલીસે આરોપી ખેડૂત સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે પરંતુ ખેડૂતના આ પ્રકારના કૃત્યના કારણે ૩ ખેડૂતોને બળદ ગુમાવવાનો વારો આવ્યો છે.